# જામનગર મહાનગરપાલિકા - જામનગર

## મિલ્કતવેરા શાખા

## <u>પ્રેસનોટ</u>

### <u>મહાનગરપાલિકા દ્વારા મોબાઇલ ટેકસ કલેકશન વેનનું લોકાર્પણ</u>

ગુજરાતમાં જ નહિં, સમગ્ર ભારતમાં જામનગર મહાનગરપાલિકા દ્વારા કરદાતાઓની સુવિધામાં વધુ એક વધારો કરતાં મોબાઇલ ટેકસ કલેકશન વેનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. આ સુવિધાનો શુભારંભ આજરોજ તા.૧૬/૧૦/૨૦૧૫નાં રોજ માન. મેયરશ્રીનાં વરદહસ્તે કરવામાં આવેલ છે.

જામનગર મહાનગરપાલિકા દ્વારા ઇ-ગવર્નન્સ અંતગર્ત ઓનલાઇન પેમેન્ટ, બેંક થ્રુ પેમેન્ટ, સીવીક સેન્ટર અને મુખ્ય ઓફિસથી સુવિધા આપવામાં આવે છે જ. જે લોકોની પાસે ઓનલાઇન પેમેન્ટની સુવિધા ન હોય અથવા તો ઓફિસ જઇ પેમેન્ટ ન કરી શકતા હોય તો તેઓનાં માટે ઘેરબેઠા ટેકસનું ચુકવણું કરી શકે તે માટે મોબાઇલ ટેકસ વેનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

મોબાઇલ ટેકસ કલેકશન વેન જામનગર શહેરનાં વોર્ડવાઇઝ વિસ્તારોમાં જામનગર મહાનગરપાલિકાની સર્વિસીઝ પુરી પાડશે. કરદાતાઓ ઘેર બેઠા ટેકસનું ચુકવણું કરી શકશે. આ મોબાઇલ ટેકસ કલેકશન વેનની અંદર મહાનગરપાલિકા દ્વારા ટુંક સમયમાં જ ઓનલાઇન સર્વિસીઝ પણ ચાલુ કરવામાં આવનાર છે.

આ વેનની ઓપરેશન એન્ડ મેઇન્ટેનન્સ કોસ્ટ 'પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ' મોડ ઉપર એચ.ડી.એફ.સી. બેંક દ્વારા પુરી પાડવામાં આવશે. આ સુવિધાનો ઘેર બેઠા લાભ લેવા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે. ટેકસ અને ચાર્જીસનું નિયમિત ચુકવણું કરવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

**આસી. કમિશનર (ટેકસ)**
**જામનગર મહાનગરપાલિકા**